# આસન ઊંચકાયું જ નહી



પરમાત્મા વિશે જ્યાં જ્યાં, જ્યારે જ્યારે કંઇ વાત થતી હોય ત્યારે તેની સૂક્ષ્મ હાજરી હોય જ છે. કારણ કે પરમાત્મા સર્વવ્યાપક છે. ક્ષણ ક્ષણ સુધી પહોંચે છે અને તેના પ્રત્યુત્તરરૂપે આપણી પ્રાર્થનાનો જવાબ આપણને મળે છે. સૌનો આ અનુભવ હશે જ. સુવાસનો, શાંતિનો, આનંદનો પણ અનુભવ થાય છે. આ અનુભવ જ તેની સૂક્ષ્મ ઉપસ્થિતિ હોવાનું આપણને જણાવે છે.

આવો જ એક પ્રસંગ સાંભળેલો, તે અત્રે રજૂ કરું છું.

એક વાર એક જગ્યાએ સુંદરકાંડના પાઠનું આયોજન કરવામાં આવ્યું હતું. એક મહાત્મા સુંદરકાંડના પાઠ સાથે એની સમજૂતી પણ રજૂ કરી રહ્યા હતા. બધાં જ શ્રોતાઓ એક ચિત્તે તેમની વાતોમાં લીન હતાં. ત્યાં એક સજ્જને વચમાં તેમને પૂછ્યું કે ‘‘આપ સુંદરકાંડના આ પાઠ સાથે જણાવી રહ્યાં છો કે ‘હનુમાનજી પણ અહીં સૂક્ષ્મ રૂપે હાજર જ હોય છે. હનુમાન તો ચિરંજીવ છે. તો હનુમાનજીની અહીં હાજરી હોય જ છે. એનું તમારી પાસે કોઇ પ્રમાણ કોઇ સાબિતી છે ખરી?’’

મહાત્મા સુંદરકાંડના પાઠનો પ્રારંભ કરતાં પહેલાં પોતાની બાજુમાં અન્ય એક આસન પાથરતા હતા. એ આસન ખાલી રાખતા હતા. ત્યાં કોઇ બેસતું નહોતું. પાઠનો પ્રારંભ કરતાં પહેલાં મહાત્મા મનોમન હનુમાજીને પ્રાર્થના કરતા હતા કે ‘‘આપ અહીં બિરાજો અને મને સમજાવો - સમજાવજો જેથી હું શ્રોતાઓને આ પાઠ વિશે સમજાવી શકું.’’ આ પ્રાર્થના કરી તેઓ પાઠનો પ્રારંભ કરતા હતા.

પેલા સજ્જનની પૃચ્છાનો જવાબ આપતાં મહાત્માએ કહ્યું, ‘‘ભાઇ, આવતી કાલે આ આસન અહીં પાથરીશ. હનુમાનજી અહીં બિરાજમાન થશે- થાય છે. તમને યોગ્ય લાગે, તમને સંતોષ થાય તે રીતે તેનો અનુભવ કરી જોજો’’. બીજા દિવસે મહાત્માએ રોજની જેમ આસન પાથર્યું. મનોમન પ્રાર્થના કરી અને પાઠનો આરંભ કરવા લાગ્યા. ત્યાં જ પેલા સજ્જન વચમાં મહાત્માના કહેવા પ્રમાણે અનુભવ કરવા ઊભા થયા. તેમણે આસન નજીક આવી આસન ઊંચકવાનો પ્રયાસ કર્યો પણ ઊંચકી ન શક્યા. તેમની સાથે બીજા સજ્જન જોડાયા, વળી તેમની સાથે ત્રીજા જોડાયા પણ આસન આ ત્રણ જણથી ઊંચકી જ ન શકાયું. તેઓ પેલા મહાત્માને વંદી રહ્યા. મહાત્માએ કહ્યું, ‘‘ભાઇ મને નહીં, હનુમાનને પગે લાગો. આજના કળિયુગમાં પણ હનુમાન જીવિત છે. જ્યાં જ્યાં રામકથા થતી હોય ત્યાં હનુમાન ચાલીસા કે સુંદરકાંડના પાઠ થતા હોય ત્યાં હનુમાનજી આવીને બિરાજે જ છે પણ આપણે આપણી લૌકિક બુધ્ધિ, આપણાં ચર્મચક્ષુ તેમને જોવા સમર્થ નથી. તેમને જોવાનો પ્રયાસ કરવા કરતાં તેમનો અનુભવ કરીએ એ જ ઉત્તમ છે.

**આજના કળિકાળમાં માનવી દરેક બાબતને ભૌતિક પ્રમાણથી માપવાનો-મૂલવવાનો પ્રયાસ કરે છે. આધ્યાત્મિક જગત, ઇશ્વરીય બાબતો ભૌતિકતાથી નહીં સમજાય. એને અલૌકિકતાથી સમજવાનો પ્રયાસ કરવો પડે. શ્રદ્ધા અને શરણાગતિ સ્વીકારવી પડે**

હનુમાન રામદૂત છે. રામકથાના રસિયા છે. હનુમાન અને રામ જાણે એકમેકના પૂરક છે. જ્યાં રામકથા છે ત્યાં હનુમાન છે. જ્યાં હનુમાન કથા છે ત્યાં રામ સ્વયં હાજર જ હોય છે. આજના કળિકાળમાં માનવી દરેક બાબતને ભૌતિક પ્રમાણથી માપવાનો-મૂલવવાનો પ્રયાસ કરે છે. આધ્યાત્મિક જગત, ઈશ્વરીય બાબતો ભૌતિકતાથી નહીં સમજાય, એને અલૌલિકતાથી સમજવાનો પ્રયાસ કરવો પડે. શ્રદ્ધા અને શરણાગતિ સ્વીકારવી પડે. એમાં જાતને લીન કરવી પડે. એની સાથે ભાવાત્મક અનુસંધાન સાધવું પડે તો જ એ સમજાય. એનો અનુભવ થઇ શકે. સુંદરકાંડ રામાયણનો એક ભાગ છે. હનુમાનજી, રામકાર્યનું એમાં નિરૂપણ થયેલું છે. આથી જ એના પઠનમાં હનુમાનજી અવશ્ય બિરાજીત હોય જ છે.

માધવ મલ્હાર
તપન ત્રિવેદી

# વિવિધ તહેવારોનું સપ્તાહ

આ સપ્તાહમાં હિન્દુ, મુસ્લિમ, પારસી, સિંધી સંપ્રદાયના તહેવારોનો સુયોગ છે. ત્રણ સંપ્રદાયોના નૂતન વર્ષનો પ્રારંભ છે. વિગતે જોઈએ તો આ સપ્તાહમાં ચૈત્ર નવરાત્રનો શુભારંભ થશે. વર્ષ દરમિયાન આવતા નવરાત્રોમાં આ નવરાત્ર પણ મહત્ત્વનું ગણાય છે. ઉત્તર ભારતમાં ‘રામ નવરાત્ર’ તો ક્યાંક વાસંતીક નવરાત્ર તરીકે પણ ઓળખાય છે. જેનું સમાપન રામનવમીએ થાય છે. આ દિવસો દરમિયાન ખાસ કરીને ઉત્તર ભારતમાં રામચરિત માનસની કથા, પારાયણ તથા રામાયણના પ્રસંગોનું મંચન થાય છે.

ચૈત્ર સુદ પડવો મહારાષ્ટ્રમાં ગુડી પડવા તરીકે ઓળખાય છે. ઘરઆંગણે ગુડીનું સ્થાપન કરી ઉજવણી કરવામાં આવે છે. શક સંવતનો પ્રારંભ આ દિવસથી થાય છે. આ વખતે શાલિવાહન શક સંવત 1948નો પ્રારંભ થશે. ગુડી પડવાની શુભેચ્છા પાઠવવા સાથે લીમડાના રસના સેવનનો ખૂબ મહિમા છે. તે સાથે આરોગ્ય વિજ્ઞાન સંકળાયેલું છે. કડવો લીમડો, સાકર, મરી, સિંધવ મીઠું વગેરે ભેળવી તેનું સેવન કરવાની પરંપરા છે. જેથી ગરમીથી માંડીને તાવ, ચામડીના રોગો વગેરેના ઉપદ્રવનું શમન થાય છે. સ્વાસ્થ્યપ્રેમી લોકો નવ દિવસ લીમડાના રસનું સેવન કરે છે. ઘર આંગણે પણ લીમડાની ડાળીઓ લટકાવે છે જેથી હવા શુદ્ધ થાય.

ચૈત્રી નવરાત્રી શક્તિ ઉપાસનાનું પર્વ છે અને તેના સમાપન પ્રસંગે યજ્ઞ, હવન કરવાની પરંપરા, વિધાન છે જે પાછળનો હેતુ પણ ઋતુના સંક્રાંતિકાળમાં વાયુમંડળમાં સૂક્ષ્મ જીવોને કારણે ખાસ કરીને શ્વસનતંત્રના રોગોના સંક્રમણથી રક્ષણ આપવાનો અને વાયુ પ્રદૂષણથી મુક્તિ આપવાનો આશય રહેલો છે. યજ્ઞમાં તલ, કપૂર, ઘી, ગૂગળ, ખેર, આંબા વગેરેની સમિધાઓ હોમવાથી વાયુમંડળમાંની અશુદ્ધિઓ દૂર થાય છે. આદિ શક્તિ માતૃ સ્વરૂપનાં વિવિધ રૂપોની આરાધના, ચંડીપાઠ, ગાયત્રી મંત્ર અનુષ્ઠાન, મા અંબાની સ્તુતિ કરવાનો મહિમા છે. જે થકી નવી ઊર્જા, શ્રદ્ધા, ભક્તિના સંચારથી આત્મિક શુદ્ધિ સાથે તનની શુદ્ધિ અને તંદુરસ્તી સુદ્રઢ બનાવવાનો આશય રહેલો છે. મંદિરો, વાડીઓ, શેરીઓમાં નવચંડી યજ્ઞથી વાયુમંડળ મોટા પ્રમાણમાં શુદ્ધ થતું હોવાનું વિદ્વાનોનું મંતવ્ય છે.

શક સંવતની જેમ આંધ્ર પ્રદેશ, તેલંગાણા, કર્ણાટક રાજ્યમાં ચૈત્રી પડવો ઉગાદી કે યુગાદિ નામથી ઓળખાય છે. તેઓની પરંપરા પ્રમાણે આ દિવસથી તેઓનું નવું વર્ષ શરૂ થાય છે જે ખુશહાલી, સમૃદ્ધિનું પ્રતીક મનાય છે. વિશેષ પૂજા, રંગોળી, આંબાનાં પાનનાં તોરણોથી સજાવટ તથા વિવિધ સ્વાદોની અનુભૂતિ કરાવતાં વ્યંજનો આરોગવાની પરંપરા છે. મંદિરોમાં દર્શન, પૂજન, ભજન, શ્રવણ કરવા સાથે યુગાદિ નવા વર્ષના દિવસે મંદિરો, આશ્રમોમાં પંડિતજી, મહારાજ કે પૂજારીઓ પંચાંગનું શ્રવણ કરાવે છે જે તે વર્ષનો મહિમા, શુભાશુભ તિથિઓ સમજાવે છે. દક્ષિણ ભારતમાં પરાભવ નામનું સંવત શરૂ થશે ચૈત્રી બીજ સિંધી સંપ્રદાયના ઈષ્ટદેવ અને વરૂણદેવના અવતાર તરીકે પૂજાતા શ્રી ઝુલેલાલની જન્મજયંતી જ્યાં પણ સિંધી સમાજ વસે છે ત્યાં ઉજવાશે.

ભગવાન દત્તાત્રેયના ત્રીજા અવતાર અને મહારાષ્ટ્રના અક્કલકોટમાં પ્રગટ થયેલ સ્વામી સમર્થનો પ્રગટ દિન સુરતના બેગમપુરા ખાતે આવેલા સ્વામી સમર્થના મઠ જ્યાં તેમના ખાટ તથા વસ્ત્રો સ્મૃતિચિહ્નરૂપે છે તેના દર્શન કરી ભક્તો ધન્યતા અનુભવશે. અક્કલકોટ સ્વામી સમર્થના પ્રાગટ્ય દિનની ઉજવણી મુંબઈ અને મહારાષ્ટ્રમાં દત્ત ભક્તો ખૂબ જ ભાવપૂર્વક કરે છે અને સ્વામી સમર્થે આપેલા ‘તારક મંત્ર’નું તથા ‘બીક ના રાખીશ, હું તારી પાછળ જ છું.’ એ અભય વચનનું સ્મરણ કરી તેમની કૃપાની હૂંફ અનુભવે છે.

ચૈત્ર સુદ ત્રીજ રાજસ્થાની-મારવાડી તથા મધ્યપ્રદેશના લોકોનો મહત્ત્વનો તહેવાર છે. રાજસ્થાનના જયપુર સહિતના અનેક સ્થળોએ મેળા યોજાય છે. સૌભાગ્યવતી બહેનો પતિના સ્નેહ અને સૌભાગ્યની પ્રાપ્તિ માટે આ વ્રત કરે છે. શિવ- પાર્વતી, વિષ્ણુ લક્ષ્મીની સ્તુતિ, પ્રશંસા કરતા ગીતો, ભજનો તથા નૃત્ય કરે છે.

ચૈત્ર સુદ ત્રીજ ભગવાન વિષ્ણુના પ્રથમ મત્સ્ય અવતારના પ્રાગટ્યના દિવસ તરીકે ઉજવાય છે. તે દિવસે ભગવાન વિષ્ણુની ઉપાસના, વિષ્ણુ સહસ્ત્રનામ સ્તોત્રનો પાઠ કરવાનો તથા મત્સ્ય અવતારની કથા વાંચવા, સાંભળવાનો મહિમા છે. મુસ્લિમ બિરાદરોની રમઝાન ઈદ પણ આ સપ્તાહમાં છે. એક મહિનાના અતિ કડક રોજા (ઉપવાસ) નું ઈદનો ચાંદ દેખાય તે સાથે સમાપન થાય છે. ઉજવણી કરવામાં આવે છે. પવિત્ર રમજાન માસમાં ગરીબગુરબાને દાન, પાંચ સમયની નમાજ, પવિત્ર ધર્મગ્રંથનું પઠન કડક નિયમ મુજબ મુસ્લિમ બિરાદરો કરે છે અને સુખ, શાંતિ તથા સમૃદ્ધિની કામના કરે છે. દર વર્ષની તારીખ 21 માર્ચે પારસી હમદિનો ‘જમશેદી નૌરોઝ’ નો તહેવાર ઉજવે છે. જે ઈરાનનો રાષ્ટ્રીય તહેવાર મનાય છે. પર્શિયન કેલેન્ડર મુજબ નવા વર્ષની શરૂઆત આ દિવસથી થાય છે. વસંત ઋતુના આગમનને વધાવતા આ તહેવારની તા. 21મી માર્ચને યુનોએ આંતરરાષ્ટ્રીય નૌરોઝ દિવસ જાહેર કર્યો છે. ફારસી ભાષામાં નૌરોઝનો અર્થ ‘નવો દિવસ’ થાય છે અને ખાસ કરીને વસંત ઋતુનાં વધામણાંનો તહેવાર પારસી- ઝોરાષ્ટ્રીયનો જ્યાં પણ વસતા હોય ત્યાં આનંદ ઉમળકાથી ઉજવે છે. ચેટી ચાંદનો



**ચૈત્રી નવરાત્રી શક્તિ ઉપાસનાનું પર્વ છે અને તેના સમાપન પ્રસંગે યજ્ઞ, હવન કરવાની પરંપરા, વિધાન છે જે પાછળનો હેતુ પણ ઋતુના સંક્રાંતિકાળમાં વાયુમંડળમાં સૂક્ષ્મ જીવોને કારણે ખાસ કરીને શ્વસનતંત્રના રોગોના સંક્રમણથી રક્ષણ આપવાનો અને વાયુ પ્રદૂષણથી મુક્તિ આપવાનો આશય રહેલો છે**

ઉત્સવ હાલમાં પાકિસ્તાનમાં આવેલા સિંધ પ્રાંતમાં હજાર કરતાં વધુ વર્ષ પહેલાં વિધર્મી રાજાના ત્રાસથી તથા ધર્મ પરિવર્તનની જોહુકમીથી પરેશાન જનતાએ સિંધુ નદીને કિનારે 40 દિવસ પ્રાર્થના, ઉપવાસ કરી ભગવાનની મદદ માંગતા વરુણદેવે વચન આપ્યા મુજબ અવતાર લઈ લોકોને વિધર્મી રાજાના ત્રાસથી છોડાવી, સ્વધર્મના રક્ષણ માટે નિર્ભયતા બક્ષી હતી. ચૈત્ર સુદ બીજના દિવસે ઝુલેલાલે અવતાર ધારણ કર્યો હોવાથી તે દિવસ સિંધીઓ ખૂબ ભક્તિભાવથી ઉજવે છે. ચેટીચાંદ એટલે ચૈત્ર સુદ બીજ સિંધી સમાજનું નૂતન વર્ષ ગણાય છે. આ વખતે 1076ના વર્ષનો પ્રારંભ થશે. સુરતમાં દયાસાગર સેવા મંડળ દ્વારા રામનગર ખાતે આવેલા ભગવાન શ્રી ઝુલેલાલના એકમાત્ર સ્વતંત્ર મંદિરે તા.18 થી 20 માર્ચ દરમિયાન મહા આરતી, શ્રી બહિરાણા સાહેબ દર્શન, મહાપ્રસાદ તથા વિવિધ ઝાંખીઓ સાથે શોભાયાત્રા. રાત્રે જાણીતા કલાકારો દ્વારા ભગવાન ઝુલેલાલની સ્તુતિ, ભજનો, ગીતો રજૂ કરવાનું આયોજન કર્યું છે. તદુપરાંત એસજીવી સિંધી પરિવાર સેતુ કેનાલ રોડ વેસુ ખાતે, શ્રી ઝુલેલાલ સિંધી યુવક મંડળ પાલનપુર કેનાલ રોડ ઉગત ભેસાણ રોડ ખાતે, ઝુલેલાલ સિંધુ સેવા યાત્રા સમિતિ દ્વારા ગ્રીન સિટી પાલ નજીક સહિતનાં વિવિધ સ્થળોએ સિંધી સમાજના વિવિધ મંડળો દ્વારા ચેટી ચાંદ, ઝુલેલાલ જયંતી અને સિંધી નૂતન વર્ષ 1076 નિમિત્તે પૂજા, પાઠ, સત્સંગ, શોભાયાત્રા, મહાપ્રસાદ વગેરે કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. ‘ઈદં ન મમ’.

ધર્મ મર્મ
શ્રીજીવ વ્યાસ